# ઋણ સ્વીકાર

" દુનિયામાં કૈકનો હું કરજદાર છું 'મરીઝ'

ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે "

-- મરીઝ

હું ઋણી છું એ સૌનો કે જેઓ મને જીવન સફરમાં મળ્યા, પ્રત્યક્ષ કે પરોક્ષ સહાયરૂપ નીવડ્યા. મારા કોલેજકાળ દરમ્યાન જ જેમનો સૂરજ આથમી ગયો એવા મારા દાદા-દાદીનો હું ઋણી છે કે જેમણે મને જીવતર-ભણતરના પાઠ શીખવ્યા. નિશાળના પગથિયે મારો હાથ પકડી લઈ જનાર, ને મારી સ્લેટમાં પડેલા મારા વાંકાચૂકા એકડાને જોઈ હર્ષોલ્લાસ પામનાર મારા માતા-પિતાની હદયઊર્મિઓ, સાહસ, ધીરજ, સહનશીલતાનો હું ઋણી છું. તેઓનું ઋણ તો હું ન ચૂકવી શકું પરતું પ્રથમ આભાર મને તેમનો માનવો ગમશે. ઘરની વિકટ પરિસ્થિતિમાં હું અભ્યાસ કરું એવી એમની ઝંખનાએ મારુ ભણતર જીવતું રાખ્યું ને સતત પ્રોત્સાહન આપતા રહ્યા. 'પેટે પાટા બાંધવા' કહેવત આપ સહુએ સાંભળી હશે પણ હું તો એમ કહીશ કે એ પાટા મે જોયા છે. મારા માતા-પિતાનો જેટલો આભાર માનુ એટલો જ આભાર માનવો ગમશે મને મારા માર્ગદર્શક ગુરુ ડૉ. ભરત પંડયા સાહેબનો, પી.એચ.ડી રજીસ્ટ્રેશનથી માંડીને કાર્ય પૂર્ણ થયું ત્યાં સુધી સતત માર્ગદર્શન આપતા રહ્યા, જયાં અટક્યો ત્યાં દિશા સૂચનો કરતાં રહ્યા છે. એમના વાસત્સલ્યપૂર્ણ વ્યવહાર, અભ્યાસલક્ષી માર્ગદર્શન અને પ્રોત્સાહનને લીધે આ કાર્ય કરવાનો આનંદ રહ્યો છે.

મનુષ્ય જીવનની યાત્રા ધારીએ એટલી સરળ તો કદાચ નથી જ હોતી. ડગલે ને પગલે કોઈકને કોઈક સમસ્યા સાથે મનુષ્ય ઝઝૂમતો રહ્યો છે. જ્યારે કઈક પામવાની વાત આવે ત્યારે તો કપરા ચઢાનો પાર કરવા પડતાં હોય છે. ગામડેથી એમ. એસ. યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા જોડાયેલો. બી. એ, એમ. એ. નો અભ્યાસ પૂરો કર્યાને ઘણા વર્ષો પસાર

થયાં. બી. એ., એમ. એ. માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયો. એ વખતના અધ્યાપકો ડૉ. ભરત મહેતા, ડૉ. રમણ સોની, ડૉ. નીતા ભગત, ડૉ. સુધા પંડયા આવા અધ્યાપકોના સાનિધ્યમાં અભ્યાસ કરવાનો અવસર મળેલો એ મારા જીવનની અમૂલ્ય પળો હતી. મારી સાહિત્ય રુચિને ઘડવામાં પણ તેમનો મૂલ્યવાન ફાળો રહ્યો છે એ નકારી ન શકાય એટલે તેમનો પણ આ ક્ષણે આભાર વ્યક્ત કરું છું.

પીએચ. ડી. ના કાર્ય દરમ્યાન જેમના સંપર્ક અને સાનિધ્યે મારા સાહિત્ય રસને જીવંત રાખ્યો એવા મારા એમ. એસ. યુનિવર્સિટી, ગુજરાતી વિભાગના અધ્યાપકો પ્રો. પુંડલિક પવાર, પ્રો. ભરત મહેતા, પ્રો. રાજેશ પંડયા, દર્શિની દાદાવાલા સૌનો આ ક્ષણે આભાર વ્યક્ત કરું છે. સંશોધક મિત્રો, યોગેશ, જીગ્નેશ, કનુ, વાસુદેવ, દિલીપ, સુંદર, રાઘવભાઈ, મયુર, જયભાઈ, જયમીન, વિજય, મનાલીબેન, ભૂમિબેન, જ્યોત્સનાબેન, આશાબેન, સપનાબેન, અલ્પાબેન, માનસી જયસ્વાલ આ સૌ મિત્રોની સાથેના સંવાદોમાં કશુંક અભ્યાસકીય પ્રાપ્ત થયું છે એ બદલ સૌનો આભાર, ગુજરાતી વિભાગના કર્મચારી એવા જાગૃતિબેનનો પણ સહાય થવા બદલ આભાર વ્યક્ત કરું છું.

શ્રીમતી હંસા મહેતા લાઈબ્રેરીના કર્મચારીઓ કે જેઓ પુસ્તકો શોધી આપવા સદાય સહાયરૂપ નીવડ્યા. અમદાવાદમાં રહેતા ઋચા બ્રહ્મભટ્ટ કે જેઓ મારા સંશોધનલક્ષી પુસ્તકો ઉપલબ્ધ કરવામાં સહાયરૂપ બન્યા, નલિનીબેન બ્રહ્મભટ્ટ કે જેમણે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ વિશે મારી સાથે સંવાદ કરી મને જરૂરી માહિતી પૂરી પાડી આ ક્ષણે એમનો આભાર વ્યક્ત કરું છું. મારી અર્ધાંગિની ભૂમિના આસુંએ અંજવાળ્યો છે મારા આ માર્ગને, ને મારા દીકરા દક્ષની આશા-અભિલાષાઓએ બળ પૂરયૂ છે મારી આ યાત્રામાં, મારી આ હાલક-ડોલક થતી સફરયાત્રામાં હલ્લેસારૂપ બન્યા છે મારા ભાઈ યોગેશ અને બહેન વનિતા તેમનો પણ આ ક્ષણે આભાર વ્યક્ત કરું છું.

સંશોધક

સંતોષ કે. ભાલિયા